| GJSN020012652024 | દાખલ તારીખ | ૨૨/૦૩/૨૦૨૪ | | |
|---|---|---|---|---|
| | નોંધણી તારીખ | ૨૨/૦૩/૨૦૨૪ | | |
| | ફેસલ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૧ | ૧૧ | ૧૨ |

---

**સુરેન્દ્રનગરનાં મહે. એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.સુરેન્દ્રનગર.**

---

**ફોજદારી કેસ નંબર : ૯૬૧/૨૦૨૪**

**આંક:**

**ફરીયાદી :–** બીમલ પ્રદીપભાઇ ગોસલીયા,
ઉ.વ.આ.૩૨, ધંધો–વેપાર,
રહે.જીનેશ્વર પાર્ક સોસાયટી,
મેઘાણી બાગ રોડ, સુરેન્દ્રનગર.

**વિરૂધ્ધ**

**આરોપી :–** (૧) શાંતા શોપ ઇન્ડસ્ટ્રીઝ
રહે.જૈન દેરાસર પાસે, જોરાવરનગર,
તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર.

(૨) શાંતા શોપ ઇન્ડસ્ટ્રીઝના
ઓથોરાઈઝડ સિગ્નેટરી
હાર્દીક જીતેન્દ્રભાઇ વોરા
રહે.જૈન દેરાસર પાસે, જોરાવરનગર,
તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર.

---

**ગુન્હો :–ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.**

---

---

| | | |
|---|---|---|
| **ફરીયાદી તરફે** | :: | **વિ.વ.શ્રી એ.આર.સોલંકી** |
| **આરોપી તરફે** | :: | **વિ.વ.શ્રી પી.કે.મકવાણા** |

---

**-//જજમેન્ટ//-**

**ફરીયાદની ટુંકમા હકીકત :-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, ફરીયાદી ઉપરોકત સરનામે રહે છે અને શાંત નાગરીક તરીકેનુ જીવન વીતાવે છે. આ કામના આરોપી નં.૧ શાંતા શોપ ઈન્ડસ્ટ્રીજ નામથી કંપની ધરાવે છે અને આરોપી નં.૨ તમો આરોપી નં.૧ ના ઓથોરાઈજડ સિગ્નેટરી છે. આ કામના આરોપીઓએ ફરીયાદી જોડે સુરેન્દ્રનગરના મહે.પ્રીન્સીપાલ ડીસ્ટ્રીક કોર્ટમાં ચાલતી ક્રિમીનલ અપીલ નં.૬૦/૨૦૨૩ના કામમાં ફરીયાદી જોડે નીચે મુજબના ચેક આપી રૂા.૩,૦૦,૦૦૦/- અંકે રૂપીયા ત્રણ લાખમાં સમાધાન કરેલ અને સમાધાન પેટે નીચે મુજબના ચેકો, તારીખ વીગત રકમ તથા ફરીયાદીના નામના એકાઉન્ટ પે ચેક ફરીયાદીને કોર્ટ સમક્ષ આપેલ. જે ચેકોની વીગત નીચે મુજબ છે.

| ક્રમ | ચેક નંબર | ચેકની રકમ | ચેકની તારીખ | બેંકનુ નામ |
|---|---|---|---|---|
| ૧ | ૦૦૦૫૧૯ | ૧,૦૦,૦૦૦/- | ૦૫/૧૦/૨૩ | કોટક મહીન્દ્રા બેંક, સુ.નગર |
| ૨ | ૦૦૦૫૧૮ | ૧,૦૦,૦૦૦/- | ૦૫/૧૦/૨૩ | કોટક મહીન્દ્રા બેંક, સુ.નગર |
| ૩ | ૦૦૦૫૧૭ | ૧,૦૦,૦૦૦/- | ૦૫/૧૦/૨૩ | કોટક મહીન્દ્રા બેંક, સુ.નગર |

આમ ઉપરોકત તમામ ચેકો આ કામના આરોપીઓએ નામાદર કોર્ટમાં CRA અપીલ ૬૦/૨૦૨૩ માં સમાધાન કરતી વખતે નામદાર કોર્ટ સમક્ષ સમાધાન પુરસીસ તા .૦૫/૦૯/૨૩ ના રોજ કોર્ટમાં સમાધાન પુરસીસમાં લખીને આપેલા અને સમાધાન પુરસીસમાં આ ઉપરકોત ત્રણચે ચેકોન ઉલલેખ કરી ખાત્રી આપેલ કે ઉપરોકત તમામ

ચેકો ચેકમાં લખેલ તારીખે કલીયર થઈ જશે. એવી ખાત્રી અને ભરોસો ફરીયાદીને આપેલ. જેથી ફરીયાદીએ ઉપરોકત જણાવેલ ક્રીમનલ અપીલ ૬૦/૨૦૨૩ માં સમાધાન કરેલ અને કેસ પરત ખેચેલ. ત્યારબાદ ફરીયાદીએ આ કામના આરોપીઓએ આપેલ ચેક નં.૦૦૦૫૧૯ બેંકમાં ચેકમાં લખેલ તારીખે જમાં કરાવેલ અને જેની રૂ.૧,૦૦,૦૦૦/- એક લાખની રકમ ફરીયાદીને મળી ગયેલ પરંતુ બીજા બે ચેકો કે જેના ચેક નં.૦૦૦૫૧૮ રૂા.૧,૦૦,૦૦૦/- અને ચેક નં.૦૦૦૫૧૭ રૂા.૧,૦૦,૦૦૦/- એક લાખનો તા.૧૭/૦૧/૨૩ ના રોજ ફરીયાદીએ ઉપરોકત બંને ચકો તેમની બેંક એચ.ડી.એફ.સી. બેંક, સુરેન્દ્રનગર શાખામાં કીધા બાદ જમાં કરાવેલ પરંતુ ઉપરોકત બંને ચકો તા.૧૮/૦૧/૨૩ ના રોજ **ડ્રોઅર સીગ્નેચર ડીફરર્સ**ના શેરા સાથે ઉપરકોત બંને ચેકો રીર્ટન થયેલા અને જે બાબતની જાણ ફરીયાદીએ આ કામના આરોપીને ટેલીફોનીક અને રૂબરૂ ચેક રીર્ટન થયાની જાણ કરેલ પરંતુ આ કામના આરોપી ફરીયાદીને આ બાબતનો કોઈ સરખો જવાબ આપતા નહી અને ઉપરકોત બંને ચેકની થઈને કુલ લેણી રકમ રૂા.૨,૦૦,૦૦૦/- અંકે રૂપીયા બે લાખ પુરા પરત આપેલ નહી. આમ ફરીયાદીએ આ કામના આરોપી ઉપર પુરેપુરો સંબધના નાતે ભરોસો અને વિશ્વાસ રાખેલ. આમ આ કામના આરોપીએ ઉપરોકત બંને ચેક ૦૦૦૫૧૭ અને ૦૦૦૫૧૮ ચેકના નાણા ફરીયાદીને ચુકવેલ નથી જેથી ફરીયાદીએ તેમના વકીલ મારફત આ કામના આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ આ કામના આરોપીને તા.૦૮/૦૨/૨૪ ના રોજ લીગલ નોટીસ આપેલ છે અને જે લીગલ નોટીસ આ કામના આરોપીને તા.૦૯/૦૨/૨૪ ના રોજ બજી ગયેલ છે. તેમ છતા આ કામના આરોપીએ ફરીયાદીને ચેક મુજબની તેમની લેણી રકમ પરત આપેલ નથી કે લીગલ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. જેથી હાલની ફરીયાદ દાખલ કરવાનુ કારણ ઉપસ્થીત થયેલ તેથી હાલની ફરીયાદ દાખલ કરવામા આવેલ છે.

**આરોપીને સમન્સની બજવણી થતા ઈન્સાફી કાર્યવાહી :-**

(૨) હાલના કામે ફરીયાદ દાખલ કરવામા આવતા આરોપી સામે ધી નેગોશીએબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. ત્યારબાદ આ કામે આરોપી હાજર થતા ફરીયાદ સાથેના સાધનિક કાગળોની નકલ પુરી પાડવામા આવેલ અને આરોપીને ગુન્હા અંગે સમજ આપી તેઓની પ્લી લેવામા આવતા તેઓને ગુન્હો કબુલ નથી તેમ જણાવતા **આંક-૧૪** થી પ્લી નોધવામા આવેલ છે.

**ફરીયાદીએ તેમની હાલની ફરીયાદના સમર્થનમા રજુ કરેલા પુરાવા :-**

(૩) ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | આંક | સાક્ષીઓના નામ. |
|---|---|---|
| ૧ | ૦૪ | બીમલ પ્રદીપભાઈ ગોસલીયાનું પુરાવાનું સોગંદનામુ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૦ | અસલ ચેક નં.૦૦૦૫૧૮ |
| ૨ | ૨૧ | ચેક રીર્ટન મેમો |
| ૩ | ૨૨ | અસલ ચેક નં.૦૦૦૫૧૭ |
| ૪ | ૨૩ | ચેક રીર્ટન મેમો |
| ૫ | ૨૪ | રજી. એડી. નોટીસ |
| ૬ | ૨૫ | રજી. એડી. પહોંચ |
| ૭ | ૨૬ | ટ્રેક કન્સાઈનમેન્ટ રીપોર્ટ |
| ૮ | ૨૭ | ટ્રેક કન્સાઈનમેન્ટ રીપોર્ટ |
| ૯ | ૪૭ | સમાધાન પુરસીસ |
| ૧૦ | ૪૮ | આંક-૦૮ લગત હુકમ |

**ફરીયાદી તરફે પુરાવા બંધની પુરસીસ :–**

**(૩.૧)** ઉપર મુજબનો પુરાવો રજુ કર્યા બાદ ફરીયાદપક્ષ તરફે **આંક–૫૮** થી તેઓ વધુ કોઇ પુરાવો આપવા ન માંગતા હોવાની કલોઝીંગ પુરસીસ રજુ કરે છે.

**(૪)** ફરીયાદીના **આંક–૦૪** ના સોંગદનામા અન્વયે ઉલટતપાસના સ્ટેજ પર કેસ રાખવામા આવેલ તે સદર્ભે વિ.વ.શ્રી દ્ધારા ફરીયાદીની ઉલટતપાસ કરવામા આવેલ છે પરંતુ સમગ્ર ઉલટતપાસ દરમ્યાન ઉપરોકત જણાવેલ જોગવાઇ અનુસાર અનુમાનની વિરૂધ્ધની કોઇ હકીકત રેકર્ડ ઉપર આરોપી દ્ધારા પુરવાર કરવામા ના આવે ત્યા સુધી કોર્ટે એવુ અનુમાન કરવાનુ રહે છે કે સવાલ વાળો ચેક તે સહી કરનારે અવેજના બદલામા અને તેનુ હાલનુ કાયદેસરનુ દેવુ અથવા તો અન્ય જવાબદારીઓ અદા કરવા માટે આપેલ છે. ફરીયાદીની તરફેણમા કરવાનુ રહેતુ કાયદાકીય અનુમાન કોર્ટ સમક્ષ સબળ અને સચોટ પુરાવાથી ખંડન કરવાની જવાબદારી ફકતને ફકત ચેક લખનારના શીરે રહે છે. જયારે હાલની ઉલટતપાસ વંચાણે લેવામા આવે તો એવી કોઇ જ હકીકત કાયદાકીય અનુમાનનુ ખંડન કરતી હોય તેવી જણાય આવતી નથી. તેમજ સદર કામે ઉલટતપાસ વંચાણે લેવામા આવે તો ઉલટતપાસમા માત્ર ફરીયાદી આવક અને ઘર ખર્ચ વિશે જણાય આવે છે.સમગ્ર ઉલટતપાસ દરમ્યાન હાલના ચેકનો દુરઉપયોગ કરેલ હોય અને આરોપીએ ચેકના દુરઉપયોગ અંગે ફરીયાદ કરેલ હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. રેકર્ડ પરની ઉલટતપાસ વંચાણે લેતા કયાય પણ હાલના આરોપી દ્ધારા ચેકમા સહી કરી આપવામા આવેલ ન હોય તેવી કોઇ હકીકત જણાય આવતી નથી. આમ આંક–૦૪ હેઠળની ઉલટતપાસમા પણ કોઇ ખંડનાત્મક હકીકતો રેકર્ડ પર લાવવામા આરોપી નિષ્ફળ નીવળેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી **આંક–૫૮** થી કલોઝીંગ પુરસીસ આપવામા આવેલ.

**આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે વધારાનુ નિવેદન :–**

ત્યારબાદ કેસ એફ.એસ.ના સ્ટેજ પર રાખવામા આવેલ જેથી આરોપીનું વિશેષ નિવેદન નોધવામા આવેલ છે જે અનુસાર ફરીયાદપક્ષની હકીકતોનુ મહદ અંશે ઈન્કાર કરેલ છે. વિશેષમા રજુઆત કરેલ છે કે, અમોને ચેકનો ખોટી રીતે ઉપયોગ કરેલ છે અને ખોટી ફરીયાદ કરેલ છે અમો નિર્દોષ છીએ. તેમજ બચાવમા સાહેદો તપાસવા છે તેમ પુછતા તેઓ જણાવે છે કે તેઓએ એકપણ સાહેદ તપાસવા માંગતા ન હોવાનુ જણાય આવે છે. તેમજ સોગદપર જુબાની આપવી છે તેમ પુછતા તેઓએ ઈન્કાર કરેલો છે.

**ફરીયાદી તથા આરોપીના વિ.વ.શ્રી દ્વારા રજુ કરેલ દલીલ :–**

(૫) ફરીયાદપક્ષના વિ.વ.શ્રી નાઓએ રેકર્ડ મુજબની મૌખીક દલીલ કરેલ છે કે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબીત કરેલ છે જયારે હાલના આરોપી ધ્વારા ફરીયાદપક્ષના પુરાવાનુ કોઈપણ રીતે ખંડન થયેલ નથી. જેથી આરોપીને તકસીરવાન ઠરાવવા રજુઆત કરેલ છે. જયારે **આરોપીપક્ષ તરફે દલીલ** કરવામા આવેલ છે કે, આરોપી તદ્દન નિર્દોષ છે અને હાલના ચેકનો માત્ર દુરઉપયોગ કરી સદર ફરીયાદ કરેલ છે જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે. ત્યારબાદ સબબ કામ ઠરાવ પર લેવામા આવેલ.

(૬) રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા નીચેના મુદ્દા સબબ નિર્ણય કરવો જરૂરી જણાય છે.

**૧.** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શીક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.**શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

**૧.** હકારમા

**૨.** આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

(૮) સબબ કામે પુરાવાઓનું મુલ્યાંકન કરતા પહેલા આરોપી સામે આક્ષેપાયેલ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ વંચાણે લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

***The Negotiable Instruments Act-1881, Section 138 :: Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.****-Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both: Provided that nothing contained in this section shall apply unless-*

*(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;*

*(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, [within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and*

*(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.*

*Explanation.- For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.*

(૯) આમ, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ નો ગુનો જોઈએ તો તેના તત્વો નીચે મુજબ છે.

૧.કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામા આવેલો હોવો જોઈએ.

૨.ચેક લખનાર વ્યક્તિના ખાતામાં અપુરતા નાણા ભંડોળના કારણે ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ.

૩.ચેક લખ્યા તારીખથી છ માસની સમય મર્યાદામા કલીયર થવા માટે બેંકમા રજુ થયેલ હોવો જોઈએ.

૪.ચેકનો અનાદર થયા બાદ બેંક તરફથી માહિતી મળ્યાના ૩૦ દિવસની અંદર ચેક લખનારને ડિમાન્ડ નોટીસ આપીને ચેકમાની રકમની માગણી કરેલી હોવી જોઈએ.

૫.નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચુકવણી કરવામા નિષ્ફળ ગયેલ હોવો જોઈએ.

૬.દેવુ કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.

આમ, ઉપરોકત તમામ તત્વો સાબિત કરવામાં ફરિયાદપક્ષ સફળ થાય તો જ આક્ષેપીત ગુન્હામા આરોપીને દોષિત ઠરાવી શકાય.

**(૧૦)** તેમજ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ની પણ ચર્ચા અત્રે કરવી જરૂરી જણાઈ આવે છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ધારકની તરફેણમા ધારણાઃ

જયા સુધી વિપરીત સાબિત ન થાય ત્યાં સુધી તે ધારણા કરવામા આવશે, કે ચેકના ધારકે, તેવો ચેક કલમ–૧૩૮ માં સંદર્ભિત કોઈ પણ દેવુ અથવા અન્ય જવાબદારીના સંપુર્ણ અથવા અમુક ભાગના સ્ત્રાવ બદલ પ્રાપ્ત કરેલ છે.

**(૧૧)** ઉપરોકત જણાવેલ કાયદાની જોગવાઈઓ ધ્યાને રાખી સદર કામે પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫ અન્વયે **આંક–૦૪** થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમા તેમણે ફરીયાદ મુજબની તમામ હકકીતો જણાવી પોતાની ફરીયાદને સમર્થન આપેલ છે. અને ફરીયાદીએ પોતાની ફરીયાદના સમર્થનમાં ઉપરોકત જણાવેલ દસ્તાવેજી પુરાવા **આંક–૨૦ થી ૨૭ સુધી તથા આંક–૪૭,૪૮** થી રજુ કરેલ છે. જેથી ફરીયાદ હકીકતો અને રેકર્ડ પરના પુરાવા જોતા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈ મુજબ જયાં સુધી વિપરીત હકીકત સાબિત ન થાય ત્યાં સુધી ફરીયાદીની તરફેણમા હાલનો ચેક લેણી રકમની જવાબદારી પેટે આરોપી ધ્વારા આપવામા આવેલ હતો તેમ ધારણા કરી શકાય તેમ છે.

આમ ઉપરોકત પ્રસ્થાપીત સિધ્ધાંતો ધ્યાને લેતા જયારે ફરીયાદમા જણાવેલ આરોપીનુ સમનામુ તેમજ ઉલટતપાસમા જણાવેલ સરનામું એકસમાન હોય જેથી **આંક–૨૪** વાળી નોટીસમા પણ

આરોપીનુ તે જ સરનામુ છે તથા તે નોટીસ **આંક–૨૫** વાળી સ્લીપ ધ્યાને લેતા રજી. પોસ્ટથી મોકલેલ હોવાનુ ફલીત થતુ હોય ત્યારે આરોપીએ કાયદા મુજબની નોટીસ મોકલેલ હોવાના તત્વો રેકર્ડ પરથી સાબિત થાય છે. તેવુ માનવાને કારણ રેકર્ડ પરથી જણાય આવે છે. તેથી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની જોગવાઇ અન્વયે **આંક–૨૦ અને ૨૨** થી રજુ અસલ ચેકો જે ચેકનો નં.૦૦૦૫૧૮ તથા નં.૦૦૦૫૧૭ વાળા આ કામના આરોપી દ્વારા પોતાની સહી કરી આપવામા આવેલ હોય તથા ચેકમા આરોપીની સહી ન હોય તે અંગેની કોઇપણ તકરાર ન હોય ત્યારે પ્રથમ તત્વ તરીકે હાલના કામના આરોપી દ્વારા ઇશ્યુ કરવામા આવેલ છે તેમ માનવાને કારણ બને છે. તે જ રીતે **આંક–૨૧ અને ૨૩** થી રજુ રીટર્ન મેમા ધ્યાને લેતા તા.૧૮/૦૧/૨૦૨૩ ના રોજ સદર નંબર વાળા ચેકો **ડ્રોઅર સીગ્નેચર ડીફરર્સ**ના કારણે પરત ફરેલ છે જે હકીકત તત્વ નં.૨ અને ૩ ની સાબિતના રેકર્ડ ઉપર આધાર બને છે જે જોતા સદર ચેક ઇશ્યુ કર્યાની તારીખથી ચેક વેલીડીટી જે તે સમયના નીયમ મુજબ બેન્કમા રજુ થયેલ હોવાનુ ફલીત થાય છે તથા તે ચેક રીટર્ન પેમેન્ટ સ્ટોપ્ડ બાય ડ્રોઅરના કારણે પરત થયેલાનુ સાબિત થાય છે. આમ ફરીયાદપક્ષે સાબિત કરેલ છે કે નિયત સમય મર્યાદા એટલે કે નોટીસ મોકલ્યા (બજયા) ના પંદર દિવસ પુર્ણ થયા બાદ એક મહીનાની અંદર આરોપીની સામે હાલની ફરીયાદ દાખલ કરેલ છે. તેમજ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના તમામ તત્વો ફરીયાદપક્ષે સાબિત કરવા માટે રજુ પુરવાથી રેકર્ડ પર આવેલા હોવાનુ ફલીત થાય છે.

આથી, રેકર્ડ પરનો પુરાવો જોતા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈ મુજબ જયા સુધી વિપરીત હકીકત સાબિત ન થાય ત્યાં સુધી ફરીયાદીની તરફેણમા હાલનો ચેક લેણી રકમની જવાબદારી પેટે આરોપી ધ્વારા આપવામાં આવેલ હતો તેમ ધારણા કરી શકાય તેમ છે.

**(૧૨)** આમ, **આંક–૨૦ અને ૨૨** વાળા ચેકો આરોપીએ કાયદેસરના દેવા બદલ બોજામાંથી મુક્ત થવા માટે ફરીયાદીને આપેલ છે તેવુ કલમ–૧૩૯ અન્વયે આ અદાલત અનુમાન કરવા પ્રેરાય છે. આનાથી વિરુધ્ધનુ પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર છે પરંતુ આરોપી તરફે ફરીયાદના પુરાવાનું ખંડન કરવાના કોઈ પ્રયત્નો કરવામાં આવેલ નથી. તેમજ ઉલટતપાસ દરમ્યાન પણ કોઈ રીબર્ટલ રેકર્ડ પર જણાય આવેલ નથી. વધુમા ફરીયાદ વાળા ચેકો સમય મર્યાદામા બેંકમા જમા કરાવેલ હોવાનુ, જે ચેકો જમા કરાવ્યા બાદ ડીસઓનર થતા પરત આવેલ હોવાનુ, આરોપીને રજીસ્ટર એડી.થી મોકલેલ ડીમાન્ડ નોટીસની બજવણી થયેલ હોવા છતા આરોપીએ ફરીયાદીને કોઈ રકમ ચુકવી આપેલ ન હોવાનુ સાબીત થાય છે. વધુમા નામદાર સર્વોચ્ચ અદાલતનો આ ચુકાદો ધ્યાને લેતા *As observed by the apex court in the case of* ***NEPC Micon Ltd. Vs. Magma Leasing Ltd. (1999) 96 Comp Cas 822; AIR 1999 SC 1952, cited supra,*** *it is the duty of the court to interpret Section 138 of the Negotiable Instruments Act consistent with the legislative intent and purpose, so as to suppress the mischief and advance the remedy. Section 138 of the Negotiable Instruments Act has created "contractual breach" as an offence and the legislative purpose is to promote efficacy of banking and for ensuring that in commercial or contractual transaction, cheques are not dishonoured and credibility in transacting business through cheques is maintained. It is no doubt true that Section 138 of the Negotiable Instruments Act, if read plainly, would disclose that the drawer of the cheque would be responsible to be proceeded with for the offence under Section 138 of the Negotiable Instruments Act if the cheque is returned with an endorsement of*

*"insufficient funds" or the amount involved in the cheque exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank. To overcome the said provision in a circuitous way, the drawer of the cheque may find various ways of getting the cheques bounced or returned with the sole purpose of defeating the encashment of the cheques. In such a situation, the question is as to whether the courts can shut their eyes? The answer would be obviously in the "negative". If the drawer intentionally tempers with the cheque or issues the cheque with difference in signature, etc., the cheques will be definitely returned. Even after service of statutory notice, if the amounts involved in the cheque are not paid by the drawer of the cheque, then his intentions are prima facie clear, to the effect that he would be tampering with the cheques only with an oblique motive. If in such case, the person in whose favor the cheques are issued is not allowed to prosecute the matter under Section 138 of the Negotiable Instruments Act, the very purpose of enacting Section 138 of the Negotiable Instruments Act would be frustrated. The drawer of the cheque will have to take abundant precaution while issuing the cheques so that the cheques should be honoured and contractual obligations are fulfilled. In case, the drawer issues cheques as in the case on hand, he will be doing so in a circuitous manner in order to save his skin, only to take advantage of the absence of specific words under Section 138 of the Negotiable Instruments Act.* તેથી હાલની ફરીયાદ કાયદા મુજબ દાખલ હોય, ફરીયાદપક્ષના પુરાવાના આધારે ધી

નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૯ મુજબ હાલનો ચેક આરોપીએ કાયદેસરના લેણા માટે આપેલ હતો તેમ માની શકાય તેમ છે અને તે પ્રીઝમ્પ્શનનું આરોપીપક્ષ ધ્વારા કોઈ ખંડન થયેલ નથી.

**(૧૩)** આમ, ઉપરોકત વિગતવારની ચર્ચા ધ્યાને લેતા ફરીયાદમા જણાવેલ નાણાંકીય વ્યવહારનો બચાવપક્ષ ખંડન કરી શકેલ ન હોય, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામા સફળ થયેલ હોય, મુદા નં.૧ નો જવાબ હકારમાં આપી, આરોપીને ધી નોગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ ના આક્ષેપો સબબ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) મુજબ તકસીરવાન ઠરાવુ છું અને સદર કેસ સમન્સ ટ્રાયેબલની પધ્ધતીથી ચાલેલ છે તેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫ મુજબ આરોપીપક્ષને સજા બાબતે સાંભળવા આવશ્યક નથી. જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૩(૬) ની જોગવાઈમાં એવો પ્રબંધ કરવામાં આવેલ છે કે, અદાલત આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરી શકશે. આ ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટે સરકયુલર નં.સી/૨૬૧૮/૨૦૧૬, તા.૦૫/૦૭/૨૦૧૬ થી આરોપીઓ સામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯૯ અને ૩૫૩(૬) મુજબ કાર્યવાહી કરવાનો આદેશ આપેલ છે.

**(૧૪)** જેથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળના ગુન્હાની સજાની જોગવાઈ ધ્યાને લઈએ તો આરોપી વિરૂધ્ધનો ગુનો સાબિત થયેથી આરોપીને બે વર્ષ સુધીની કેદની શિક્ષા અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરી શકાશે. આ કામે બનેલ ગુન્હો જોવામાં આવે તો, સદરહુ ગુન્હો આર્થિક ગુન્હો ગણી શકાય. હાલના સંજોગોમાં આવા પ્રકારના ગુન્હાઓ વધવા પામેલ છે જેના લીધે ચેક રીટર્ન થતા ચેક સામેની વિશ્વસનીયતા જોખમાય છે જેના કારણે

ધંધાકીય પરિબળ તથા અર્થતંત્ર પર તેની વિપરીત અસર પડે છે. જયારે સદરહુ ગુન્હો આર્થિક ગુન્હો હોય અને ફરીયાદીનો મુખ્ય આશય આરોપીને સજા કરાવવા કરતા પોતાના નાણા મેળવવા અંગેનો હોય છે તેમજ કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે ચેક રીટર્ન કેસોમા ભોગ બનનારને વળતર અપાવવુ જોઈએ. આમ તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લઈ તેમજ આરોપીની રેકર્ડ પરથી જણાઈ આવતી વર્તણુંક ધ્યાને લઈ, મુદા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

(૧) આરોપી (૧) શાંતા શોપ ઈન્ડસ્ટ્રીઝ રહે.જૈન દેરાસર પાસે, જોરાવરનગર, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર, (૨) શાંતા શોપ ઈન્ડસ્ટ્રીઝના ઓથોરાઈઝડ સિગ્નેટરી હાર્દીક જીતેન્દ્રભાઈ વોરા રહે.જૈન દેરાસર પાસે, જોરાવરનગર, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર વાળાને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના સજાને પાત્ર ગુન્હામા બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૨) હેઠળ તકસીરવાન ઠરાવવામા આવે છે અને આરોપીને ૦૧(એક) વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમા, આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૩૯૫(૩) મુજબ બંને ચેકના મળી કુલ રૂા.૨,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પુરાં) વળતર પેટે ફરીયાદીને ક્રિમીનલ મેન્યુઅલ પેરા–૨૦૯ મુજબ બે માસમા ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) જો આરોપી ઉપર મુજબની વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીએ વધુ ૦૩(ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. આ કામના આરોપી ધ્વારા અગાઉ કોઈ બેઈલ બોન્ડ રજુ કરવામાં આવેલ હોય તો તે આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપીએ સદરહુ કેસના કામે જો અગાઉ કોઈ સજા ભોગવેલ હોય તો બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪ મુજબ આરોપીને હુકમની નકલ હાજર થયેથી વિના મુલ્યે આપવી.

(૬) તકસીરવાન સામે બી.એન.એસ.એસ.ની કલમ–૪૫૮(૨) મુજબ કલમ–૭૨ મુજબનુ પકડ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે તથા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થયેથી બી .એન.એસ.એસ.ની કલમ–૪૫૮(૧) મુજબ જરૂરી જેલ વોરંટ ભરી તકસીરવાનને જેલમાં મોકલવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) વોરંટની બજવણી માટે જરૂરી યાદી સાથે કલમ–૭૨ મુજબનું વોરંટ સંલગ્ન પોલીસ સ્ટેશનને મોકલી તકસીરવાનને કોર્ટ સમક્ષ હાજર રખાવવા જરૂરી યાદી કરવા હુકમ કરવામાં આવે છે.

આજરોજ હુકમ તારીખ : ૦૬, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૦૬/૦૩/૨૦૨૬ (પાર્થ મહાવીરસિંહ ઝાલા)
સુરેન્દ્રનગર. એડી.જ્યુડી.મેજી.ફ.ક.
સુરેન્દ્રનગર.
(સ્ટેનો:દર્શન એ. દેસાણી) જીજે.૦૧૭૪૦